# ..પણ ઘરની દીવાલ પર દયા કરજો

**નવસારી** રિંગ રોડનો માર્ગ પહોળો કરવાની મહાનગરપાલિકાની કાર્યવાહી મુદ્દે વિરાવળના અસરગ્રસ્તોની અપીલ

**વિકાસના** હિમાયતી, પરંતુ કોઈનું ઘર નહીં તૂટે તેવી કાર્યવાહી કરવા રજૂઆત



નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા વિરાવળ રિંગ રોડ ચાર રસ્તાથી વિરાવળ પૂર્ણા નદીના પુલ સુધીના માર્ગની પહોળાઈ વધારવાની પ્રક્રિયા હાથ ધરાતા વિરાવળ વિસ્તારના રહેવાસીઓએ પોતાની લાગણી અને ચિંતા નમ્રતા તથા સહકારની ભાવનાથી રજૂ કરી છે. પટેલ ફળિયાના રહેવાસી ગુલાબભાઈ રણછોડભાઈ પટેલ દ્વારા મહાનગરપાલિકાના કમિશનરને લેખિત રજૂઆત કરી વિનંતી કરવામાં આવી છે કે વિકાસ કાર્ય દરમિયાન રહેણાંક વિસ્તારમાં ઓછામાં ઓછું નુકસાન થાય તે રીતે આયોજન કરવામાં આવે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, ગુલાબભાઈ પટેલની ૬૯ ચો.મી. જેટલી જમીન પર તેમનું રહેણાંક મકાન, તેમના પરિવારનું એકમાત્ર નિવાસસ્થાન છે. તેઓ વર્ષોથી આ વિસ્તારમાં રહે છે અને નગરપાલિકાની મંજૂરી સાથે બાંધકામ અને સુવિધાઓ પ્રાપ્ત થયેલ છે. આવા સંજોગોમાં માર્ગ વિસ્તરણની કામગીરીથી જો ઘર પર અસર થાય તો પરિવારને ગંભીર મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તેથી તેમણે વિકાસની જરૂરિયાતને સ્વીકારતાં પણ માનવીય સંવેદનશીલતા જળવાય તે માટે વિચાર કરવા વિનંતી કરી છે.

રહેવાસીઓનું કહેવું છે કે વિચારાધીન માર્ગ રહેણાંક વિસ્તારમાંથી પસાર થાય છે અને તેની બંને બાજુ મકાનો છે. તેમણે સૂચન કર્યું છે કે નજીકમાં ઉપલબ્ધ વૈકલ્પિક માર્ગો પર પણ ધ્યાન આપવામાં આવે, જેથી વિકાસ કાર્ય પણ સરળતાથી આગળ વધે અને રહેણાંક વિસ્તારોને ઓછું નુકસાન થાય. પત્રમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૧-૧-૨૦૨૬ના રોજ કરવામાં આવેલી દીવાલ માપણી અંગે ફરીથી સમીક્ષા કરવામાં આવે અને ન્યાયસંગત રીતે નિર્ણય લેવાય. ગુલાબભાઈ પટેલે આશા વ્યક્ત કરી છે કે મહાનગરપાલિકા તમામ પાસાઓને ધ્યાનમાં લઈ, રહેવાસીઓને સાંભળીને અને સહકારપૂર્ણ વલણ સાથે અંતિમ નિર્ણય લેશે.

વિરાવળ વિસ્તારના નાગરિકોમાં આ મુદ્દે શાંતિપૂર્ણ ચર્ચા ચાલી રહી છે. લોકો વિકાસના વિરોધી નથી, પરંતુ વિકાસ સાથે ઘર, પરિવાર અને રોજિંદા જીવનની સુરક્ષા પણ જળવાય તે જરૂરી છે એવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

# ઢોલુમ્બરમાં વૃક્ષોનું બેફામ નિકંદન, થડ સળગાવી નાંખે છે

**જમીન** સમતલ કરવાના નામે ઈમારતી તેમજ બિન ઈમારતી વૃક્ષોનું ગેરકાયદે આડેધડ છેદન

**ખાનગી** જમીનો તો ઠીક, વન વિભાગની વનીકરણની જમીનોમાં પણ ગંભીર પ્રવૃત્તિના આક્ષેપ

ઘેજ: ચીખલીના અંતરિયાળ વિસ્તારના ઢોલુમ્બર ગામમાં જમીન સમતલ કરવાના નામે મોટા પાયે ઇમારતી તથા બિન ઇમારતી વૃક્ષોનું આડેધડ નિકંદન કરવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. વન વિભાગની નિષ્ક્રિયતા વચ્ચે ગેરકાયદે રીતે વૃક્ષો કાપી પુરાવા નષ્ટ કરવા માટે કપાયેલા વૃક્ષોના થડ સળગાવી દેવામાં આવતા હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે.

## ઢોલુમ્બર, માંડવખડક, સારવણી સહિતનાં ગામોના જંગલોમાં વૃક્ષોનું નિકંદન અટકાવવું જરૂરી

તાલુકાના ઢોલુમ્બર, માંડવખડક, સારવણી સહિતના ગામોના જંગલ વિસ્તારોમાં વૃક્ષારોપણ બાદ જરૂરી માવજત થાય, આરક્ષિત વિસ્તારોમાંથી ઇમારતી-બિન ઇમારતી વૃક્ષોનું ગેરકાયદે નિકંદન ન થાય અને જંગલ વિસ્તાર હરિયાળો જળવાઈ રહે તે માટે વન વિભાગ દ્વારા સતત નજર રાખવામાં આવે તે અત્યંત જરૂરી બની રહ્યું છે.

સ્થાનિકોનું કહેવું છે કે ઢોલુમ્બર ગામમાં ઘણી જગ્યાએ ખાનગી જમીનમાં તેમજ વન વિભાગ દ્વારા વનીકરણ કરવામાં આવેલી જમીનમાં પણ વૃક્ષો કાપવાની પ્રવૃત્તિ ચાલુ છે. વનીકરણ કરવામાં આવ્યું છે તેવા વિસ્તારોમાં પણ ઝાડોના નિકંદનની ઘટનાઓ સામે આવતાં વન વિભાગની કામગીરી પર પ્રશ્નચિહ્ન ઉભું થયું છે.

વનીકરણ પાછળ સરકાર દ્વારા ખર્ચવામાં આવેલા લાખો રૂપિયાનું નુકસાન થવાની સાથે પર્યાવરણને પણ ગંભીર નુકસાન પહોંચી રહ્યું છે. પર્યાવરણપ્રેમીઓનું કહેવું છે કે જો સમયસર કડક પગલાં નહીં લેવામાં આવે તો સમગ્ર વિસ્તાર હરિયાળી ગુમાવશે.

આ પરિસ્થિતિમાં વન વિભાગે તાત્કાલિક સજાગતા દાખવી તપાસ કરવી જરૂરી બની છે કે કાપવામાં આવેલા ઝાડો પૈકી કેટલા ઇમારતી અને કેટલા બિન ઇમારતી છે, વનીકરણ કરવામાં આવેલી જમીનમાંથી કેટલા વૃક્ષો કપાયા છે, કોણે કાપ્યા છે અને જે જમીનમાં કાપણી થઈ રહી છે તે ખરેખર ખેડૂત ખાતેદારની છે કે વન વિભાગના હસ્તકની છે. નિષ્પક્ષ તપાસ કરીને દોષિતો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી રહી છે.

# મીંઢોળા નદીમાં ખનીજ વિભાગના દરોડાથી માફિયાઓમાં નાસભાગ

**ભાઠા** ગામ નજીક દરોડામાં રેતી ખનનના ઉપયોગ માટે લેવાયેલી યાંત્રિક બોટ જપ્ત

**ભૂસ્તર** વિભાગની ટીમે કેટલું અનાધિકૃત બાંધકામ થયું છે તેનો ક્યાસ કાઢવો શરૂ કર્યો



નવસારીઃ નવસારી જિલ્લામાંથી પસાર થતી મીંઢોળા નદીના પટમાંથી ગેરકાયદે રેતી ખનન થતું હોવાની સતત ફરિયાદોના પગલે ખનીજ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને જલાલપોર તાલુકાના ભાઠા ગામ પાસેથી પસાર થતી મીંઢોળા નદીમાં લાંબા સમયથી ખનીજ ચોરીની પ્રવૃત્તિ ચાલતી હોવાના આક્ષેપો સામે આવી રહ્યા હતા. સ્થાનિક લોકો દ્વારા વારંવાર રજૂ થયેલી ફરિયાદોને ધ્યાને લઈ નવસારી અને સુરત જિલ્લાના ખનીજ વિભાગની ટીમોએ સંયુક્ત રીતે આકસ્મિક દરોડા પાડી કાર્યવાહી કરી હતી. દરોડા દરમિયાન ખનન કરતા તત્વોમાં નાસભાગ જોવા મળી હતી, જેના કારણે તેમની ગેરકાયદે પ્રવૃત્તિઓનો ખુલાસો થયો હતો. તપાસ દરમિયાન નદીના મધ્યભાગમાંથી સીધા રેતી ખનન માટે ઉપયોગમાં લેવાતી એક યાંત્રિક નાવડી મળી આવી હતી, જેને તાત્કાલિક સ્થળ પર જ સીલ કરવામાં આવી છે. આ સાથે, ભૂસ્તર વિભાગની ટેકનિકલ ટીમ દ્વારા જ્યાં બિનઅધિકૃત ખોદકામ થયું છે તે વિસ્તારોની ચોકસાઈપૂર્વક માપણી હાથ ધરવામાં આવી છે, જેથી ગેરકાયદે રીતે ઉપાડવામાં આવેલી રેતીના જથ્થાનો સાચો અંદાજ મેળવી શકાય.

વિભાગીય સૂત્રોના જણાવ્યા અનુસાર, માપણી પૂર્ણ થયા બાદ ખનીજ ચોરીના જથ્થાના આધારે સંડોવાયેલા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગેરકાયદે ખનન કરનારાઓ પાસેથી વળતર અને દંડ વસૂલવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, આગામી દિવસોમાં પણ મીંઢોળા નદી વિસ્તારમાં સરપ્રાઈઝ ચેકિંગ અને નિયમિત પેટ્રોલિંગ ચાલુ રાખવામાં આવશે.

# અમદાવાદની કંપનીના રૂ.73.52 લાખ ઠગી વાપીનો ઈસમ ફરાર

**રૂ.1** કરોડના કેમિકલનો ઓર્ડર આપી 41 લાખ જ ચૂકવ્યા, ઓફિસ બંધ કરી ગાયબ

વાપીઃ અમદાવાદની કંપની પાસેથી પીગમેન્ટ પાવડર અને કેમિકલ્સનો રૂ.1 કરોડથી વધુની રકમનો માલ ખરીદનાર વાપીના ઈસમે 41 લાખ જ આપ્યા હતા. જ્યારે 73.52 લાખ બાકી રાખી હતી, જે બાદ વાપીની ઓફિસ બંધ કરી ફરાર થઈ જતાં કંપનીએ ડુંગરા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, અનુરાગ મનોજકુમાર જૈન (ઉં.વ.31)ની અમદાવાદ નારોલ લાંભામાં કંપની આવેલી છે, જેમાં પીગમેન્ટ પાવડર તથા પેસ્ટ પ્રોડક્ટ બનો છે. ગત તા.6-6-25 ના રોજ તેઓ કંપનીના કામાર્થે વાપી આવ્યા હતાં. આ સમયે તેઓની મુલાકાત મોહિત સતપાલ સાવ્હનેય (રહે., સુગન સ્ટેપ ઈન, છરવાડા, વાપી, મૂળ મહારાષ્ટ્ર) સાથે છરવાડાની ઓફિસમાં થઈ હતી. તેણે છરવાડામાં પીગમેન્ટ પાવડર તથા પેસ્ટનું ઈકોલોજીકો કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ નામે મોટું ધંધાનું નેટવર્ક ચલાવતો હોવાનું જણાવી વિશ્વાસમાં લીધો હતો. વાપીના મોહિતે ઈમેલ દ્વારા પ્રોડક્ટનો ઓર્ડર આપેલો અને કંપનીએ રૂ.1,15,13,260નો માલ મોકલી આપ્યો હતો. જે બાદ મોહિતે ટુકડે ટુકડે રૂ.41,60,680ની રકમ આપી દીધી હતી જ્યારે રૂ.73,52,580ની રકમ બાકી રાખી હતી. આ બાકી નીકળતા રૂપિયા માટે અનુરાગે અનેક વખત મોહિતનો સંપર્ક સાધવા છતાં તેઓ ફોન ઉપાડતા ન હતાં. જે બાદ વાપી છરવાડા સ્થિત ઓફિસ પર આવતા તે પણ બંધ થઈ ગઈ હતી અને મોહિતની તપાસ કરતા મળ્યો ન હતો. કંપની સાથે વિશ્વાસઘાત કરનાર મોહિત સામે કંપની સંચાલક અનુરાગ જૈને વાપી ડુંગરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# દમણની વિકાસ આર્કેડ બિલ્ડિંગનું વીજ કનેક્શન કપાયું

**જાહેરમાં** કચરો ફેંકી ગંદકી કરવા તથા ગંદા પાણીનો નિકાલ જાહેરમાં કરતા પાલિકાની કાર્યવાહી

દમણઃ સંઘ પ્રદેશ દમણની વિકાસ આર્કેડ બિલ્ડિંગનું વીજ કનેક્શન નગરપાલિકા દ્વારા કાપવામાં આવ્યું છે. જાહેરમાં કચરો ફેંકી ગંદકી કરવા તથા બિલ્ડિંગના ગંદા પાણીની લાઈન લિકેજના કારણે જાહેરમાં ગંદકી થતાં લોકોનું સ્વાસ્થ્ય જોખમાતા પાલિકા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.

નાની દમણના જૂના પોલીસમથકની સામે આવેલા વિકાસ આર્કેડ બિલ્ડિંગના સદસ્યો દ્વારા છેલ્લા ઘણા સમયથી ગંદો કચરો જાહેરમાં નિકાલ કરાતો હોય તથા બિલ્ડિંગનું ગંદુ મલીન પાણી પણ લાઈન લિકેજના કારણે જાહેર રસ્તા પર ઊભરાતું હોવાને લઈ આસપાસના વિસ્તારમાં રહેતા લોકોના આરોગ્ય સામે જોખમ ઊભું થવા પામ્યું હતું. એટલું જ નહીં પણ ગંદા પાણીના કારણે ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગો પણ વકરવાની સંભાવના વર્તાય રહી હતી. આ અંગે અગાઉ પાલિકા દ્વારા 28 નવેમ્બર 2024 ના રોજ પણ બિલ્ડિંગના સદસ્યોને નોટિસ ફટકારી ગંદકી ન ફેલાવવા તથા બિલ્ડિંગની જર્જરિત ગંદા પાણીની પાઈપલાઈનના લિકેજનું સમારકામ કરવા અર્થે જણાવ્યું હતું. પરંતુ તેમ છતાં બિલ્ડિંગના સભ્યોએ નોટિસની અવગણના કરી જરૂરી સમારકામ કાર્ય ન કરતા આખરે નગરપાલિકાના ચીફ ઑફિસર સંજામ સિંહ દ્વારા વિકાસ આર્કેડ બિલ્ડિંગનું વીજ કનેક્શન કાપવાનો આદેશ કરતાં આજરોજ પાલિકાના ઓફિસ સ્ટાફ સભ્યો, ઈલેક્ટ્રિશ્યન અને સાઈટ સુપરવાઈઝરની હાજરીમાં મેસર્સ વિકાસ આર્કેડ બિલ્ડિંગનું વીજ જોડાણ કાપવાની કાર્યવાહી કરી હતી. જેના લઈ અન્ય બિલ્ડિંગના રહીશોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# ખેતરમાંથી 5 વર્ષ જૂનું 21 કિલોનું મહાકાય રતાળુ નીકળ્યું

**ખેરગામના** પોમાપાળ વિસ્તારમાં વિશાળ રતાળુને લઈ કુતૂહલ



ખેરગામઃ ખેરગામના પોમાપાળ વિસ્તારમાં ખેડૂત સુનીલભાઈ પટેલના ખેતરમાંથી આશરે 5 વર્ષ જૂનું અને 21 કિલો વજન ધરાવતું મહાકાય રતાળુ મળી આવતાં સમગ્ર પંથકમાં આશ્ચર્ય સાથે કુતૂહલ સર્જાયું છે.

સામાન્ય રીતે રતાળુ કદમાં નાના કે મધ્યમ હોય છે, પરંતુ સુનીલભાઈના ખેતરમાં અંદાજે 5 વર્ષ સુધી જમીનમાં દટાયેલું રહેવાને કારણે આ કંદે વિશાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ રતાળુનું વજન કરવામાં આવતા તે પુરા 21 કિલોનું હોવાનું માલુમ પડ્યું હતું.

સુનીલભાઈ આ રતાળુને વેચવા ખેરગામ APMC લાવ્યા હતાં.

માર્કેટ યાર્ડમાં આવેલી ‘ગુરુ ઓમ મેંગો’ નામની દુકાનમાં જ્યારે આ 21 કિલોનું રતાળુ મૂકવામાં આવ્યું, ત્યારે તેને જોવા ટોળેટોળા ઊમટી પડ્યા હતા. શાકભાજીના વેપારીઓ અને અન્ય ખેડૂતો માટે પણ આટલું મોટું રતાળુ એક ચર્ચાનો વિષય બન્યો છે.

# પરુજણ ગામે ‘બળિયાદેવ મંદિર’ તોડવાની નોટિસ સામે રોષ

**કલેક્ટરને** તાત્કાલિક હસ્તક્ષેપ કરી નોટિસ પરત ખેંચવા રહીશોની માંગ

નવસારીઃ નવસારીના જલાલપોર તાલુકાના પરુજણ ગામના પ્રાચીન અને શ્રદ્ધાસ્પદ ‘બળિયાદેવ મંદિર’ તોડવાની નોટિસ આપવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. મંદિર તોડવાના નિર્ણય સામે પરુજણ ગામના રહિશોએ નવસારી કલેક્ટર કચેરી ખાતે લેખિત અરજી રજૂ કરી મંદિર યથાવત રાખવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે પરુજણ ગામમાં કોળી પટેલ, લેઉવા પટેલ, મહાવંશી સહિત વિવિધ જાતિના લોકો વસવાટ કરે છે અને ગામની વસતી અંદાજે 2000થી વધુ છે. બળિયાદેવ મંદિર માત્ર ધાર્મિક સ્થળ જ નહીં પરંતુ ગામની આસ્થા, એકતા અને પરંપરાનું પ્રતિક છે. ગામના લોકો ઉપરાંત આસપાસના ગામોના ભક્તો પણ અહીં દર્શન માટે આવતા હોવાથી મંદિરનું ધાર્મિક અને સામાજિક મહત્ત્વ ખૂબ ઊંચું છે.

ગ્રામજનોનું કહેવું છે કે મંદિર તોડવામાં આવશે તો ધાર્મિક લાગણી દુભાશે, લોકોમાં અસંતોષ ફેલાશે અને ગામની શાંતિ તથા સામાજિક સમરસતા પર પ્રતિકૂળ અસર પડશે. મંદિરને લઈને લોકોની ભાવના ગાઢ રીતે જોડાયેલી હોવાથી તેને તોડવાનો નિર્ણય લોકલાગણી વિરુદ્ધ હોવાનું તેઓ જણાવી રહ્યા છે.

અરજીમાં માંગ કરાઈ છે કે મંદિર તોડવા માટે આપવામાં આવેલી નોટિસ પરત ખેંચવામાં આવે અને મંદિરને યથાવત રાખવામાં આવે. ગ્રામજનોનું કહેવું છે કે જો મંદિરને નુકસાન પહોંચાડવામાં આવશે તો મોટી સંખ્યામાં લોકો વિરોધ નોંધાવશે અને આ મામલે આગળની કાયદેસર કાર્યવાહી માટે મજબૂર બનશે. આ સમગ્ર મામલાને લઈને હવે જિલ્લા તંત્રના નિર્ણય પર સૌની નજર મંડાઈ છે.

# નવસારીમાં આંબેડકર પ્રતિમા ખંડિત થવા મુદ્દે દલિત સમાજ લાલઘૂમ

**લૂન્સીકૂઈ** સ્થિત બાબાસાહેબની પ્રતિમાને એક અજાણી મહિલાએ નિશાન બનાવી હોવાના આક્ષેપ

**દલિતોએ** એકત્ર થઈ ઘટનાની ભારે રોષ સાથે નિંદા કરી, પોલીસ બંદોબસ્ત ખડકાયો, કડક કાર્યવાહી કરવા માંગ



નવસારીઃ નવસારી શહેરના લૂન્સીકુઈ વિસ્તારમાં સ્થિત ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને અજાણી મહિલાએ અપમાનજનક હરકત કરી હોવાનું સામે આવતાં દલિત સમાજમાં ભારે રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. ઘટનાની જાણ થતાં જ દલિત સમાજના આગેવાનો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં બાબાસાહેબની પ્રતિમા પાસે એકત્રિત થયા હતા અને આ બનાવને લઈ ઉગ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી.

સમાજના આગેવાનોનું કહેવું છે કે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને અપમાનિત કરવી એ માત્ર મૂર્તિને નુકસાન પહોંચાડવાનો બનાવ નથી, પરંતુ સમગ્ર સમાજની લાગણીને ઘાયલ કરતો ગંભીર મુદ્દો છે.

આક્રોશિત કાર્યકર્તાઓએ તંત્ર સમક્ષ માંગ કરી હતી કે આ ઘટનાની તાત્કાલિક, નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, દોષિત વ્યક્તિ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમજ આવી ઘટનાઓ ફરી ન બને તે માટે પ્રતિમા સ્થળે યોગ્ય સુરક્ષા વ્યવસ્થા અને સતત દેખરેખ ગોઠવવામાં આવે. સાથે જ આગોતરા પગલાં લઈ વિસ્તારમાં સામાજિક શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહે તે માટે તંત્ર સજાગ રહે તેવી પણ માંગ ઉઠી હતી.

આ ઘટનાને પગલે વિસ્તારમાં તણાવનું વાતાવરણ સર્જાયું હતું, જો કે પોલીસ અને તંત્રની સમયસર દખલગીરીથી સ્થિતિ નિયંત્રણમાં રાખવામાં આવી હતી. તંત્ર દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

દલિત સમાજના આગેવાનો દ્વારા સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે બાબાસાહેબના સન્માન સાથે કોઈપણ પ્રકારની છેડછાડ સહન કરવામાં આવશે નહીં અને આવા બનાવો સામે કડક અને દૃઢ કાર્યવાહી જરૂરી છે.

# આહવા શિવઘાટ પરથી મોટો પથ્થર ધસી આવતા બાઈકચાલક ઘાયલ

**મુલચોંડમાં** રસ્તો ઓળંગી રહેલું બાળક ટુ-વ્હીલરની અડફેટે ઘાયલ, ચીકટીયા પુલ પરથી ઝંપલાવનાર અજાણ્યા યુવકનું મોત



સાપુતારાઃ ડાંગ જિલ્લામાં આજે ત્રણ અલગ-અલગ કરુણ દુર્ઘટનાઓ સર્જાઈ હતી, જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા છે. આહવા શિવઘાટ નજીક પસાર થઈ રહેલા એક ટુ-વ્હીલર ચાલક પર પહાડ પરથી અચાનક મોટો પથ્થર પડતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. બીજી ઘટનામાં મુલચોંડ ગામ પાસે રસ્તો ઓળંગી રહેલું ૫ થી ૬ વર્ષનું માસૂમ બાળક ટુ-વ્હીલરની અડફેટે આવતા તેને ઈજાઓ પહોંચી હતી.

ત્રીજી ઘટનામાં, ચીકટીયા પુલ પરથી એક અજાણ્યા વ્યક્તિએ નીચે પડતું મૂકી આપઘાત કરી કર્યો હતો. ઊંચાઈ પરથી પટકાવાને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આહવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી મૃતકની ઓળખના પ્રયાસ શરૂ કર્યા છે.

# ખેરગામ નવરોડ પર મહાકાય ટ્રકે વીજલાઈન તોડી પાડતાં ભાગદોડ

**જ્યારથી** હાઇવે નં.64 પર માન નદીના પુલને નબળો જાહેર કરી ભારે વાહનો માટે બંધ કરાયો છે ત્યારથી ખેરગામની પનોતી બેઠી છે



ખેરગામઃ ખેરગામ નવરોડથી મોટી ટેન્ક લઈને પસાર પસાર થઈ રહેલી ઊંચી ટ્રક વીજ લાઈનમાં ભેરવાતા વીજ લાઈનના કેબલ ખેંચાઈ જતા બે થાંભલા સાથેની ડીપી તૂટી પડી હતી, જેને પગલે લોકોમાં ભયના માહોલ સાથે ભારે દોડધામ મચી ગઈ હતી. સદભાગ્યે કોઈ અડફટે નહીં આવતા જાનહાનિ નુકસાન થયું નથી. મંગળવારે બપોરની આ ઘટનામાં ડીપીનું સંપૂર્ણ ઓઈલ વહી ગયું હતું. કલાકો સુધી રસ્તો બંધ થઈ ગયો હતો. વીજકર્મીઓ ત્વરિત કામે લાગી બે સ્થંભ ઉભા કરી મોડે મોડે વીજ પ્રવાહ સમગ્ર વિસ્તારમાં કાર્યરત કર્યો હતો. આ કામગીરીના લીધે નવા રોડનો દક્ષિણ ભાગ બંધ રહ્યો હોવાથી એક માર્ગીય અવરજવરથી ટ્રાફિક જામની સમસ્યા ગંભીર બની હતી. ખેરગામ વિસ્તારમાં મોટા અને ભારે વાહનોની અવરજવર છેલ્લા કેટલાક સમયથી વધતા આંબેડકર સર્કલ પાસે ઘણી વખત ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવતી હોય છે.

## વીજ પુરવઠો કલાકો ખોરવાયો

ખેરગામ નવરોડ ઉપર બનેલી આ ઘટના બાદ વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. જેની લાઇન રિપેરિંગ માટે વીજ કંપનીના ઇજનેર મુકેશ સાલૂંકેની દેખરેખમાં એમની ટીમ ઘટના સ્થળે પહોંચી તાત્કાલિક મરામત કામગીરી કરી હતી. કલાકો સુધી વીજપ્રવાહ બંધ રહ્યો હતો અને મોડી રાત સુધી મરામત કામગીરી ચાલી હતી. રાતે 11ની આસપાસ વીજ પુરવઠો શરૂ થતા લોકોએ રાહત અનુભવી હતી. આ ઘટનામાં વીજ કંપનીને 80 હજારથી વધુ નુકશાન થયું હતું.